# વિષય:- વિજ્ઞાન ધોરણ:-૬ સત્ર:-૧

## પાઠ – 5 શરીરનું હલનચલન યુનિટ ટેસ્ટ કુલ ગુણ ૨૦

.................................................................................................

**1. ખાલી જગ્યા પૂરોઃ** **4**

પ્રશ્ન 1. અસ્થિઓના સાંધા શરીરને ________ માં મદદ કરે છે.

પ્રશ્ન 2. અસ્થિઓ અને કાસ્થિ સંયુક્ત રીતે શરીરનું ________ બનાવે છે.

પ્રશ્ન 3. કોણીનાં હાડકાં ________ સાંધા વડે જોડાયેલ હોય છે.

પ્રશ્ન 4. ગતિ કરતી વખતે ________ ના સંકોચનથી હાડકાં ખેંચાય છે.

**2. નીચેના વિધાનોની આગળ સાચાં [T] અને ખોટાં [F] લખોઃ** **5**

પ્રશ્ન 1. બધાં પ્રાણીઓની ગતિ અને ચાલ એકસમાન હોય છે.

પ્રશ્ન 2. કાસ્થિ એ અસ્થિની સાપેક્ષમાં કઠણ હોય છે.

પ્રશ્ન 3. આંગળીઓનાં હાડકાંમાં સાંધા હોતા નથી.

પ્રશ્ન 4. અગ્ર બાહુમાં બે અસ્થિ હોય છે.

પ્રશ્ન 5. વંદામાં બાહ્ય કંકાલ જોવા મળે છે.

**પ્રશ્ન 3. કૉલમ “માં આપેલ શબ્દોને કૉલમ ‘I’માં આપેલા એક અથવા વધારે વિધાન સાથે જોડોઃ 5**

| કૉલમ I | કૉલમ II |
|---|---|
| ઉપલું જડબું | શરીર પર પાંખો હોય છે. |
| માછલી | બાહ્ય કંકાલ હોય છે. |
| પાંસળીઓ | હવામાં ઊડી શકે છે. |
| ગોકળગાય | એક અચલ સાંધો છે. |
| વંદો | હૃદયનું રક્ષણ કરે છે. |
| | અત્યંત ધીમી ગતિથી ચાલે છે. |
| | તેનું શરીર ધારારેખીય હોય છે. |

**4. નીચેના પ્રશ્નોના ઉત્તર આપોઃ** **6**

પ્રશ્ન 1. ખલ-દસ્તા સાંધો એટલે શું?

પ્રશ્ન 2 ખોપરીનું કયું અસ્થિ ગતિ (હલનચલન) કરે છે?

પ્રશ્ન 3. આપણી કોણી પાછળની તરફ કેમ વળી શકતી નથી?

shikshansagar.com
The King of Education
શિક્ષણ સાગર